નવી બાબત ૨૦૧૮-૧૯

આર્થિક પછાત વર્ગના ધોરણ- ૧ થી ૮માં ભણતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ સહાયમાં રૂ.૩૦૦/-નો વધારો કરવા બાબત. રૂ.૧૩૮૦.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવક્રમાંક:સશપ/૧૦૨૦૧૮/ન.બા.૩૯/અ.૧

સચિવાલય, ગાંધીનગર

તા.૦૬/૦૪/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૧૫/૧૨/૨૦૧૭નો પત્રક્રમાંક:વિ.જા.ક./શિક્ષણ/ન.બા./૨૦૧૮-૧૯/૪૦૧૫

ઠ રા વ:

હાલમાં રાજ્ય સરકાર દ્વારા આર્થિક પછાત વર્ગના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને બે જોડ ગણવેશ માટે વાર્ષિક રૂ.૩૦૦/- રોકડ સહાય આપવામાં આવે છે. આજની પરિસ્થિતિમાં દિન-પ્રતિદિન મોંઘવારીમાં વધારો થતો હોવાથી અને નબળી નાણાકીય પરિસ્થિતિને કારણે રાજ્યના આર્થિક પછાત વર્ગના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિક્ષણમાં ઉત્તેજન મળે તેમજ ખાસ કરીને કન્યાઓને અધવચ્ચેથી શિક્ષણ છોડવું ન પડે તે માટે આ સહાયમાં વધારો કરવા અંગે વંચાણે લીધેલ નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૧૫/૧૨/૨૦૧૭ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકારના આર્થિક પછાત વર્ગના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ માટેની પ્રવર્તમાન સહાયના દરમાં રૂ.૩૦૦/- નો વધારો કરવાની કુલ રૂ.૧૩૮૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ સહાયની રકમમાં ૦૩(ત્રણ) જોડી ગણવેશ આપવાના રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર- ૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૦૧-ઓબીસી-૧ અન્ય પછાત વર્ગોના પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન(શિષ્યવૃત્તિ, ગણવેશ, સાયકલ વગેરે)હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. એમ. ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ